**<u>આંક–૧ લગત હુકમ.</u>**

(૧) આ કામમાં પોલીસ ધ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસ ના ચાર્જશીટની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. તેમજ આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબના નોટીફીકેશન નં.૨/૧૯ તા. ૬/૯/૧૯ ના હુકમ અન્વયે આજરોજ સ્પેશ્યલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. જેથી આરોપી સ્પે. સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓ સ્પે.સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલા વાળા છે અને તેમના કુટુંબના ભરણપોષણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબના હુકમ અન્વયે સ્પેશ્યલ સીટીંગ અન્વયે આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

**<u>–: હુકમ :–</u>**

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ આરોપીને ધી **ઈ.પી.કો. કલમ ૨૮૩** મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી રૂા.૧૦૦/– ( અંકે રૂપિયા એકસો) પુરા દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતાં સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો **દિન–૫** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પે. સીટીગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૯/૨૦૧૯
અમદાવાદ.

(આર.બી.મારફતિયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ
કોડ નં.જીજે૦૦૬૩૩